RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 290* Date: 09.08.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# "વિપક્ષ છેલ્લા બોલે સિક્સર મારવા માંગે છે": મોદીએ અવિશ્વાસ પ્રસ્તાવને 'અવિશ્વાસ'થી ભરેલો ગણાવ્યો



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષી ગઠબંધન ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈન્ક્લુઝિવ એલાયન્સ એટલે કે 'ઈન્ડિયા' પર નિશાન સાધતા મંગળવારે કહ્યું કે વિપક્ષ પોતે જ અવિશ્વાસથી ભરેલો છે, તેથી તે સંસદમાં સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા છે. વડાપ્રધાન મોદીએ ભારતીય જનતા પાર્ટી (ભ્નૈં)ના સંસદીય દળની બેઠકને સંબોધિત કરતા આ વાત કહી. બેઠકમાં હાજર એક બીજેપી સાંસદના જણાવ્યા અનુસાર મોદીએ કહ્યું કે વિપક્ષ અવિશ્વાસથી ભરેલો છે અને તે બતાવવા માટે તેઓ અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા છે.

વડાપ્રધાનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે કેન્દ્ર સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી છે. મોદીએ વિપક્ષી ગઠબંધનને ×અહંકારી× ગણાવ્યું હતું અને પાર્ટીના રાજ્યસભાના સભ્યોને દિલ્હી સેવા બિલ પર મતદાનમાં ×સેમી-ફાઈનલ× વિજય માટે અભિનંદન આપ્યા હતા. મોદીએ કહ્યું કે કેટલાક વિપક્ષી સભ્યોએ રાજ્યસભામાં મતદાનને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા સેમિફાઈનલ ગણાવ્યું હતું. વિપક્ષ છેલ્લા બોલે સિક્સર મારવા માંગે છે.

દિલ્હી સર્વિસ બિલને સોમવારે સંસદની મંજૂરી મળી ગઈ હતી કારણ કે તે રાજ્યસભાએ બિલ પસાર કર્યું. લોકસભામાં સત્તાધારી પક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નિષ્ફળતા નિશ્ચિત માનવામાં આવે છે. તેમણે તેમના ૨૦૧૮ના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં તેમણે વિપક્ષને ૨૦૨૩માં તેમની સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે કહ્યું હતું.

## મહિલાને ઓનલાઈન થેપલા મોંઘા પડ્યા : બિલ ચેક કરતાં જ ઉડી ગયા હોશ

કલ્પના કરો કે તમે ઓનલાઈન ફૂડ ઓર્ડર કર્યો છે અને જે કન્ટેનરમાં ફૂડ પેક કરવામાં આવ્યું હતું તેના માટે તેટલી જ રકમ ચૂકવવી પડી, તમને કેવું લાગશે. આ વાત કોઈને પણ પરેશાન કરે તે સ્વાભાવિક છે. આવું જ કંઈક અમદાવાદમાં એક મહિલા સાથે થયું. મહિલાએ ઝોમેટો દ્વારા રેસ્ટોરન્ટમાંથી ૬૦ રૂપિયાની કિંમતની થેપલાની ત્રણ પ્લેટ મંગાવી હતી, પરંતુ જ્યારે તેણે બિલ ચેક કર્યું તો તે ચોંકી ગઈ. બિલ જોઈને તેને ખબર પડી કે તેની પાસેથી ફૂડ કન્ટેનર માટે ૬૦ રૂપિયા લેવામાં આવ્યા છે.ટ્વીટર પર બિલની તસવીર શેર કરતા ખુશ્બુ ઠક્કર નામના આ ટ્વિટર યુઝરે કેપ્શનમાં લખ્યું કે, 'કન્ટેનરનો ચાર્જ મેં ઓર્ડર કરેલી વસ્તુ જેટલો જ છે. બિલ મુજબ થેપલાની દરેક પ્લેટ ૬૦ રૂપિયા હતી અને કન્ટેનરનો ચાર્જ પણ ૬૦ રૂપિયા હતો. આ મહિલાના ટ્વિટનો જવાબ આપ્યો અને કહ્યું, "ઝોમેટો તેને રીપ્લાય આપતા જણાવે છે કે " ફૂડના પ્રકાર પ્રમાણે ટેક્સ ૫ થી ૧૮% જેટલો લાગતો હોય છે.

## વાર્ષિક રૂ. ૧ કરોડથી વધુની આવક દર્શાવનારા લોકોની સંખ્યા બમણી થઈ

નવી દિલ્હી

દેશમાં વાર્ષિક રૂ. ૧ કરોડથી વધુની વાર્ષિક આવક દર્શાવનારા લોકોની સંખ્યા બે વર્ષમાં વધીને બમણી થઈ છે. માર્ચ, ૨૦૨૨ના રોજ પૂરાં થયેલાં બે વર્ષના સમયગાળા દરમિયાન વાર્ષિક રૂ. ૧ કરોડ કે તેથી વધુની આવક દર્શાવનારા લોકોની સંખ્યા બમણી થઈ ૧.૬૯ લાખ થઈ હોવાનું આવકવેરા વિભાગના આંકડામાં દર્શાવાયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કમાયેલી આવકના સંદર્ભમાં આકારણી વર્ષ ૨૦૨૨-૨૩ના ટેક્સ રિટર્નના આંકડા મુજબ ૧,૬૯,૮૯૦




લોકોએ રૂ. ૧ કરોડથી વધુની આવક દર્શાવી હતી.આકારણી વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન એક કરોડથી વધુની આવક દર્શાવનારા લોકોની સંખ્યા ૧,૧૪,૪૪૬ નોંધાઈ હતી. ૨૦૨૦-૨૧માં ૮૧,૬૫૩ લોકોએ એક કરોડથી વધુની વાર્ષિક આવક દર્શાવી હતી. આકારણી વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કંપનીઓ, પેઢી, ટ્રસ્ટ તથા વ્યક્તિગત લોકો સહિત કુલ ૨.૬૯ લાખ લોકોએ રૂ. ૧ કરોડથી વધુની કુલ આવક દર્શાવી હતી. જેમાં ૬૬,૩૯૭ કંપનીઓ, ૨૫,૨૬૨ પેઢીઓ, ૩,૦૫૯ ટ્રસ્ટ્સ તથા ૨,૦૬૮ એસોસિયેશન ઓફ પર્સન્સનો સમાવેશ થાય છે. આકારણી વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૭.૭૮ કરોડ આવકવેરા રિટર્ન્સ ફાઈલ કરાયા છે, જે ૨૦૨૧-૨૨ના ૭.૧૪ કરોડ, તથા ૨૦૨૦-૨૧ના ૭.૩૯ કરોડ રિટર્ન્સની તુલનાએ વધારે છે.

## W H Oએ ઇરાકમાં ભારતના કફ સીરપ પર રોક લગાવી

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને સોમવારે ભારતીય કંપની દ્વારા ઉત્પાદિત કફ સિરપની બેચ પર રોક લગાવી હતી. યુનાઈટેડ નેશન્સ એજન્સીએ જણાવ્યું હતું કે ઈરાકમાં મળી આવેલ બ્રાન્ડેડ કોલ્ડ આઉટ સીરપની બેચ ફોરટ્ર્સ (ઈન્ડિયા) લેબોરેટરીઝ દ્વારા ઉત્પાદિત કરવામાં આવી હતી અને તેમાં ડાયેથિલિન અને ઈથિલિન ગ્લાયકોલનું પ્રમાણ વધુ હોવાથી તેના પર રોક લગાવી.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉર્ઁં) એ હવે અન્ય ભારતીય કફ સિરપ (પેરાસીટામોલ અને ક્લોરફેનિરામાઈન) અંગે ચેતવણી જારી કરી છે. સંસ્થાએ ૧૦ જુલાઈના રોજ ઈરાકમાં આ સામાન્ય કોલ્ડ સિરપના બેચના



નમૂના લીધા હતા, જેને પરીક્ષણ માટે લેબમાં મોકલવામાં આવ્યા હતા. આ સેમ્પલ તપાસમાં નિષ્ફળ ગયો હતો. ભારતમાં બનતા સીરપમાં ડાયેથિલીન ગ્લાયકોલ અને ઈથિલિન ગ્લાયકોલનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે.બેચમાંના સિરપમાં ૦.૨૫ ટકા ડાયથિલિન ગ્લાયકોલ અને ૨.૧ ટકા ઈથિલિન ગ્લાયકોલ હતું. સોમવારે જણાવ્યું હતું કે સિરપનું ઉત્પાદન ફોરટ્ર્સ (ઈન્ડિયા) લેબોરેટરીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ડેબીલાઈફ ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ માટે કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે સિરપમાં ઈથિલિન ગ્લાયકોલ અને ડાયેથિલિન ગ્લાયકોલ બંનેની નિર્ધારિત મર્યાદા ૦.૧૦ ટકા સુધી છે. આ સિવાય ઉત્પાદક-વિક્રેતાએ ઉત્પાદન અંગે ઉર્ઁંને સલામતી અને ગુણવત્તાની કોઈ ગેરંટી આપી નથી. કહ્યું કે આ સીરપનો ઉપયોગ કરવો અસુરક્ષિત છે. તેના ઉપયોગથી વ્યક્તિની તબિયત ગંભીર રીતે બગડી શકે છે અથવા તેનાથી મૃત્યુ પણ થઈ શકે છે. હાલમાં કંપનીઓ દ્વારા આ અંગે કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

## 'શ્યામ' રંગના કારણે પતિનું અપમાન કરવું એ ક્રૂરતા છેઃ કર્ણાટક હાઈકોર્ટ



કર્ણાટક હાઈકોર્ટે જણાવ્યું હતું કે 'શ્યામ' ચામડીના રંગને કારણે તેના પતિનું અપમાન કરવું ક્રૂરતા સમાન છે, અને તે પુરુષને છૂટાછેડા આપવાનું એક માન્ય કારણ છે. હાઈકોર્ટે તાજેતરના ચુકાદામાં ૪૪ વર્ષીય પુરુષને તેની ૪૧ વર્ષની પત્નીથી છૂટાછેડા આપવાના આદેશમાં આ અવલોકન કર્યું હતું.કોર્ટે કહ્યું હતું કે ઉપલબ્ધ પુરાવાઓને ઝીણવટથી તપાસ્યા બાદ એ તારણ પર પહોંચ્યું છે કે પત્ની તેના કાળા રંગના કારણે તેના પતિનું અપમાન કરતી હતી અને તેથી જ તેણે પતિને છોડી દીધો હતો. હાઈકોર્ટે, હિંદુ લગ્ન અધિનિયમની કલમ ૧૩(૧)(ફ્ર) હેઠળ છૂટાછેડા માટેની અરજીને મંજૂરી આપતી વખતે, અવલોકન કર્યું, ×આ પાસું છુપાવવા માટે, તેણીએ (પત્ની) પતિ સામે ગેરકાયદેસર સંબંધોના ખોટા આક્ષેપો કર્યા. આ હકીકતો ચોક્કસ ક્રૂરતા સમાન છે.×બેંગ્લોરના રહેવાસી આ દંપતીએ ૨૦૦૭માં લગ્ન કર્યા હતા અને તેમને એક પુત્રી છે. પતિએ ૨૦૧૨માં બેંગ્લોરની ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની અરજી કરી હતી. મહિલાએ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮છ (પરિણીત મહિલા પ્રત્યે ક્રૂરતા) હેઠળ તેના પતિ અને સાસરિયાઓ સામે પણ કેસ દાખલ કર્યો હતો. તેણીએ ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ પણ કેસ દાખલ કર્યો અને બાળકને તેના માતાપિતા સાથે રહેવા માટે મોકલી હતી.

## બ્રિટને ગેરકાયદેસર કર્મચારીઓને નોકરીએ રાખવાનો દંડ વધારી ત્રણ ગણો કર્યો




લંડન

બ્રિટનમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને નોકરીએ રાખનાર કંપનીઓ માટેનો દંડ આગામી વર્ષથી ત્રણ ગણો વધારવામાં આવ્યો છે. આવા લોકોને મકાન ભાડે આપનારે પણ ૨૦૨૪થી ત્રણ ગણી પેનલ્ટી ભરવી પડશે એવી જાહેરાત બ્રિટિશ સરકારે સોમવારે કરી હતી. બ્રિટનની સરકારે જણાવ્યું હતું કે, ૨૦૨૪થી ગેરકાયદેસર કામદારોને કામ પર રાખનાર કંપનીનો દંડ હાલના ૧૫,૦૦૦ પાઉન્ડથી વધારી ૪૫,૦૦૦ પાઉન્ડ કરવામાં આવશે. એકથી વધુ વખત આવો ગુનો કરનારની પેનલ્ટી ૨૦,૦૦૦ પાઉન્ડથી વધારી ૬૦,૦૦૦ પાઉન્ડ કરવામાં આવી છે. ગેરકાયદેસર લોકોને મકાન ભાડે આપનારનો દંડ લોજમાં રહેનાર માટે ૮૦ પાઉન્ડ અને ઘરમાં ભાડે રહેનાર માટે ૧,૦૦૦થી ?વધારી અનુક્રમે ૫,૦૦૦ પાઉન્ડ અને ૧૦,૦૦૦ પાઉન્ડ કરવામાં આવ્યો છે. ગુનો ફરી થાય તો લોજમાં રહેનાર માટે દંડ ૫૦૦ પાઉન્ડથી વધારી ૧૦,૦૦૦ પાઉન્ડ અને ૩,૦૦૦ પાઉન્ડથી વધારી ૨૦,૦૦૦ પાઉન્ડ કરવામાં આવ્યો છે. બ્રિટનના ઈમિગ્રેશન મંત્રી રોબર્ટ જનરિકે જણાવ્યું હતું કે, "નવા નિયમોને પગલે બ્રિટનમાં ગેરકાયદે રહેતા લોકો માટે કામ કરવાનું અને રહેવાનું મુશ્કેલ બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "જે મકાનમાલિકો અને કંપનીઓ ગેરકાયદેસર રીતે લોકોને કામ કરવાની અને રહેવાની મંજૂરી આપે છે તે લોકોની હેરફેર કરનારા બિઝનેસ મોડલને પ્રોત્સાહન આપે છે. હવે યોગ્ય ચકાસણી નહીં કરનાર કોઈ બહાનું નહીં કાઢી શકે. નવા નિયમનું ઉલ્લંઘન કરનારે કડક પેનલ્ટી માટે તૈયાર રહેવું પડશે."સત્તાવાર આંકડા મુજબ ૨૦૧૮થી ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને કામ પર રાખવા માટે કંપની માલિકોને કુલ ૮.૮૪ કરોડ પાઉન્ડનો દંડ કરાયો છે. આવા લગભગ ૫,૦૦૦ લોકોને દંડ ફટકારવામાં આવ્યો છે. સમાન ગાળામાં બ્રિટનમાં ગેરકાયદે રહેતા લોકોને મકાન ભાડે આપવા બદલ કુલ ૨,૧૫,૫૦૦ પાઉન્ડનો દંડ કરવામાં આવ્યો છે. નવા નિયમ અનુસાર વ્યક્તિને કામ પર રાખતા પહેલાં અથવા મકાન ભાડે આપતાં પહેલાં યોગ્ય ચકાસણીની જવાબદારી કંપની માલિક અને મકાન માલિકની રહેશે. જેમાં હોમ ઓફિસ ઓનલાઈન ચેકિંગ સિસ્ટમનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, સરકારે ગેરકાયદે કામ કરતા અને રહેતા લોકો માટે ટાસ્કફોર્સ લોન્ચ કરી હતી. ઉપરાંત, ચાલુ વર્ષે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બેન્ક ખાતાનો ઉપયોગ કરતા અટકાવવા નાણાકીય ક્ષેત્ર સાથે ડેટા શેરિંગની પ્રક્રિયા પણ લોન્ચ કરી હતી. ત્યાર પછી સરકારે આવા લોકો પર પેનલ્ટી વધારવાની જાહેરાત કરી છે. ઈમિગ્રેશનના કાયદા પણ કડક કરવામાં આવ્યા છે. બ્રિટનની હોમ ઓફિસે જણાવ્યું હતું કે, "અમે ૨૦૨૨માં જેટલા લોકોને પકડ્યા હતા તેના કરતાં વધુ લોકોને ૨૦૨૩ના પહેલા સાત મહિનામાં જ પકડી લીધા છે." ઉલ્લેખનીય છે કે, બ્રિટનમાં ઘણા લોકો અસુરક્ષિત રહેતા દરિયાઈ માર્ગે ઈંગ્લિશ ચેનલ પાર કરીને ઘુસણખોરી કરે છે. આવા લોકો સામેનું વલણ પણ કડક બનાવાયું છે.

તંત્રી લેખ......

## હવે ટેસ્લામાં ભારતનો 'વૈભવ'!

ભારતીય મૂળના વ્યક્તિઓ વિશ્વમાં ઘણી મોટી મોટી ટેક કંપનીના પ્રમુખ પદ પર નિયુક્ત થયેલા છે અને સમગ્ર દુનિયામાં ભારતની પ્રતિભામાં વધારો કરે છે. એવામાં વધુ એક ભારતીય મૂળના વ્યક્તિ વૈભવ તનેજાને ટેસ્લા કંપનીના માલિક ઈલોન મસ્કે મોટી જવાબદારી સોપી છે. ભારતીય મૂળના વૈભવ તનેજાને ટેસ્લાના નવા ચીફ ફાયનાન્સિયલ ઓફિસર બનાવવામાં આવ્યા છે.

કંપનીના અગાઉના ફાયનાન્સ ચીફ ઝાચેરી કિર્કહોર્ન પદ છોડ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. તનેજાની ઉંમર ૪૫ વર્ષની છે. તેઓ કિર્કહોર્ન કંપનીના ચીફ એકાઉન્ટિંગ ઓફિસર તરીકે પણ સેવા આપવાનું ચાલુ રાખશે. ઈલોન મસ્કની આગેવાની હેઠળની કંપની સાથે કિર્કહોર્નના ૧૩ વર્ષના કાર્યકાળને કંપનીએ જબરદસ્ત વૃદ્ધિનો સમયગાળો ગણાવ્યો હતો. વૈભવ તનેજા માર્ચ ૨૦૧૯ થી ટેસ્લાના CAO તરીકે અને મે ૨૦૧૮ થી કોર્પોરેટ કંટ્રોલર તરીકે કામ કરી રહ્યા છે. તેણે અગાઉ પ્રાઇસવોટરહાઉસ કૂપર્સમાં પણ કામ કર્યું છે.

ટેસ્લા નજીકના ભવિષ્યમાં દેશમાં તેના ઓટો પાર્ટ્સ અને ઈલેક્ટ્રોનિક્સ રેન્જ લાવવા માટે ભારત સરકારના અધિકારીઓ સાથે વાતચીત કરી રહી છે. મસ્કે જૂનમાં યુએસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે તેઓ આવતા વર્ષે ભારત આવશે.

# આર્થિક ઉત્કર્ષ'ની યોજનાઓના માધ્યમથી ૧૪ જિલ્લાના અંદાજે ૧.૪૧ લાખથી વધુ આદિવાસી ભાઈ-બહેનોને સરકાર દ્વારા લાભાન્વિત કરાયા★

ભારતમાં કુલ આદિજાતિ વસ્તીની ૮.૧ ટકા વસ્તી ગુજરાતમાં છે. રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં ૮૯ લાખથી વધુ આદિજાતિ વસ્તીના સર્વાંગીણ વિકાસ માટે ગુજરાત સરકારે અલગથી વિશેષ પ્રયાસો હાથ ધર્યા છે. ચાલુ વર્ષના ગુજરાત બજેટના કુલ પાંચ સ્તંભમાં આદિજાતિ વિકાસનો પ્રથમ સ્તંભમાં જ ઉલ્લેખ કરીને આદિજાતિ વિભાગ માટે કુલ રૂ. ૩,૪૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં રૂ. ૭૭૦.૧૯ કરોડની રકમ માત્ર આદિજાતિના આર્થિક ઉત્કર્ષ માટે જ ફાળવવામાં આવી છે. આટલું જ નહીં આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટેની 'વન બંધુ કલ્યાણ યોજના-૨' હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધીમાં રૂ. ૧ લાખ કરોડની અંદાજપત્રીય જાહેરાત પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કરવામાં આવી છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વના પરિણામે અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વપટ્ટીનાં ૧૪ જિલ્લાના આદિવાસી શહેરો-ગામોમાં વિકાસની નવતર પરિભાષા અંકિત થઇ છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરના સતત માર્ગદર્શનમાં પાણી, સિંચાઈ, વીજળી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ જેવી મૂળભૂત અને આંતરમાળખાકીય સુવિધાઓથી સમગ્ર વિસ્તાર વિકાસની નવી ઊંચાઇ હાંસલ કરી રહ્યો છે.

આદિવાસીઓની પ્રવૃત્તિ અને પ્રકૃતિને ધ્યાનમાં રાખી આદિજાતિ વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાતે ''જ્યાં નાગરિક ત્યાં સુવિધા×નાં મંત્રને ચરિતાર્થ કર્યો છે. રાજ્યના આદિજાતિ ગામડાંઓની મુલાકાત લઈએ ત્યારે છેલ્લા બે દાયકામાં ૩૬૦ ડિગ્રીએ થયેલા વિકાસને અનુભવી શકાય છે.

ગુજરાતમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિવાસીઓના સર્વાંગીણ આર્થિક ઉત્કર્ષ માટે વિવિધ ૧૩ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આદિજાતિ ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવાના ઉદ્દેશ સાથે કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટની શરૂઆત વર્ષ ૨૦૧૨-૧૩માં કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ બી.પી.એલ./ એફ.આર.એ.ના લાભાર્થી/ આદિમજૂથ અને આદિજાતિ ખેડૂતને આપવામાં આવે છે. જેમાં સહાયરૂપે વિવિધ પાક અનુસાર સરેરાશ રૂ. ૪,૫૦૦ જ્યારે વધુમાં વધુ રૂ. ૫,૦૦૦ સુધીના કિંમતની ખાતર અને બિયારણની કીટ્સનું નજીવો રૂ. ૫૦૦નો ફાળો લઈને વિતરણ કરવામાં આવે છે. 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ-૨૦૨૩' અંતર્ગત ૧૪ જિલ્લાના આદિજાતિ ખેડૂતોને આ યોજના હેઠળ પ્રથમવાર વિવિધ 'જાડા ધાન્ય'નું બિયારણ આપી ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરાયા છે.

વેલાવાળા શાકભાજી માટેની મંડપ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૫-૧૬માં કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ બી.પી.એલ./ એફ.આર.એ.ના લાભાર્થી/ આદિમજૂથ અને આદિજાતિ ખેડૂતને આપવામાં આવે છે. જેમાં સહાયરૂપે વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા પ્રતિ લાભાર્થી રૂ. ૧૫,૨૮૮ની રકમ ક્ષ્ન્ મારફત આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત લક્ષ્યાંક મુજબ તમામ ૬,૨૦૭ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો છે.

ફળાઉ ઝાડના રોપા વિતરણ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૯-૨૦માં કરવામાં આવી હતી. આ યોજના હેઠળ બી.પી.એલ./ એફ.આર.એ.ના લાભાર્થી / આદિમજૂથ આદિજાતિ ખેડૂતને લાભ આપવામાં આવે છે. જેમાં કલમી આંબાના રોપાઓ માટે રૂ. ૪,૦૫૦ થી રૂ. ૧૬,૨૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧૦,૨૧૬ લાભાર્થીઓને લાભાન્વિત કરાયા છે.

પાવર ટીલર માટે સહાય યોજનાની શરૂઆત વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં કરવામાં આવી હતી. યોજના હેઠળ સહાયરૂપે આદિજાતિ ખેડૂતોને ૮ બ્રેક હોર્સ પાવરથી નીચેના પાવર ટીલર માટે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૬૫,૦૦૦/- બે માંથી જે ઓછુ હોઈ તે અને ૮ બ્રેક હોર્સ પાવરથી ઉપરના પાવર ટીલર માટે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૮૫,૦૦૦/- બે માથી જે ઓછુ હોઈ તે આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧૫૪૩ આદિજાતિ ખેડૂતોએ લાભ લીધો છે.

સંકલિત ડેરી વિકાસ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૦૭-૦૮માં કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત યોજના હેઠળ બી.પી.એલ./ એફ.આર.એ.ના લાભાર્થી/આદિમજૂથ અને આદિજાતિ મહિલાઓને લાભ આપવામાં આવે છે. જેની હાલની યુનિટ કોષ્ટ રૂ.૭૦,૦૦૦/- છે જેમાં એક (૧) દુધાળુ પશુ તથા સાધન સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧૦,૯૪૪ મહિલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો છે.

વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રની શરૂઆત વર્ષ-૨૦૦૮માં કરવામાં આવી હતી. જેમાં આદિજાતિ યુવક/યુવતીઓને રોજગારલક્ષી તાલીમ પૂરી પાડી આવક બમણી કરવાના નિર્ધાર સાથે તાલીમ કેન્દ્રો કાર્યાન્વિત છે. આ કેન્દ્રોમાં પીપીપી પાર્ટનર માન્ય સંસ્થાઓ સહભાગી રહે છે. જેમાં ઓટો મોબાઈલ સેક્ટર, પ્લાસ્ટિક ઈજનેરી, કેમિકલ સેક્ટર, મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, ટેક્ષટાઈલ, આઈ.ટી./બી.પી.ઓ. સેક્ટરમાં ૧ માસથી ૨ વર્ષના કોર્સની તાલીમ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૭૫ ટકા સરકાર તથા ૨૫ ટકા પાર્ટનર સંસ્થાની ભાગીદારી સાથે કેપિટલ ખર્ચ કરવામાં આવે છે, સરકાર દ્વારા ૧૦૦ ટકા રીકરીંગ ખર્ચ કરવામાં આવે છે, આ રીકરીંગ ખર્ચ ૭૫ ટકા તાલીમાર્થીને પ્લેસમેન્ટ મળ્યા બાદ જ ચૂકવવામાં આવે છે.

મહિલાઓને આર્થિક ઉપાર્જન માટેની નારી કેન્દ્ર યોજનાની શરૂઆત વર્ષ-૨૦૧૬માં કરવામાં આવી હતી. આ યોજનામાં ૧૧ મહિલાઓના જૂથનું સખી મંડળ તરીકે રજિસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ. આ યોજનામાં રૂ. ૫ લાખની મર્યાદામાં વાર્ષિક ૪ ટકાના વ્યાજના દરે લોન તેમજ રૂ. ૫ લાખની સહાય એમ મળીને કુલ રૂ. ૧૦ લાખ મળવા પાત્ર છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧૬ સખીમંડળોએ તેનો લાભ લીધો છે.

સ્પર્ધાત્મક પરીક્ષા માટેની જી.પી.એસ.સી. કોંચિંગ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૯-૨૦માં કરવામાં આવી હતી. આ યોજના હેઠળની લાયકાતમાં સ્નાતક થયેલ આદિજાતિ યુવક-યુવતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સહાયના ધોરણ મુજબ વર્ગ-૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષા અંગે કોચિંગ માટે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૦,૦૦૦ની સહાય ડી.બી.ટી.ના માધ્યમથી આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૨,૫૦૦ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કોચિંગ લીધુ છે.

ચેકડેમ અને ઉદવહન સિંચાઈ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૫-૧૬માં કરવામાં આવી હતી. કોઈ પણ આદિજાતિ ખેડૂત આ યોજનાનો લાભ લઈ શકે છે. સહાયના ધોરણ અનુસાર આદિજાતિ ખેડૂતોને સિંચાઈની સુવિધા પુરી પાડવા આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧૬ ખેડૂતોએ લાભ લીધો છે.

વર્ષ ૨૦૦૩માં આદિવાસી બાંધવોના વિકાસ માટે માત્ર રૂ. ૨૦૮ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવતી હતી જ્યારે હાલમાં એટલે કે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં આ રકમ વધારીને રૂ. ૩,૪૧૦ કરોડ કરવામાં આવી છે. જે આદિજાતિઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક સહિત સર્વાંગી

આભાર - નિહારીકા રવિયા

વિકાસની પ્રબળ રાજકીય ઈચ્છા શક્તિ દર્શાવે છે.

## ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન તથા રાજકોટ મધ્યસ્થ જેલના સહયોગથી કિડનીની સમસ્યાઓ અંગે નિઃશુલ્ક કાર્યક્રમ યોજાયો

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન તથા મધ્યસ્થ જેલ રાજકોટના સહયોગથી કિડનીની સમસ્યાઓ 'કિડની જાગૃતિ' અંગે નિઃશુલ્ક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કીડનીના દર્દીઓને ડાયાલીસીસમાં પડતી મુશ્કેલી, કિડની ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓને પડતી મુશ્કેલી તથા કીડનીના અન્ય રોગોથી પીડાતા દર્દીઓને નામાંકિત તબીબ ડો.પ્રતિક અમલાણી દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન અપાયું હતું.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગોલ્ડ મેડાલીસ્ટ ડો. પ્રતિક અમલાણી (યુરોલોજીસ્ટ), શીવમ વર્મા આઈ.પી.એસ. (અધિક્ષકશ્રી, રાજકોટ મધ્યસ્થ જેલ), બી.બી. પરમાર (ઈન્ચાર્જ નાયબ અધિક્ષક, રાજકોટ મધ્યસ્થ જેલ), મિતલ ખેતાણી (પ્રમુખશ્રી—એનીમલ હેલ્પલાઈન), વિનેશભાઈ પારધી (જેલરશ્રી-રાજકોટ મધ્યસ્થ જેલ), જયંતીભાઈ પટેલ (રીજીયોનલ ડાયરેક્ટર, દતોપંત ઠેંગડી, સી.બી.ડબલ્યુ), કિરણસિંહ સીસોદીયા (જેલરશ્રી, રાજકોટ મધ્યસ્થ જેલ), મનીષભાઈ આર. રાઠોડ (હેડ કોન્સટેબલ), સેંગારભાઈ પ્રજાપતિ (જેલ સીપાઈ), અશ્વિન ગોહેલ (પ્રોગ્રામ ઓફીસર ઈન્ડીયા રીનલ ફાઉન્ડેશન) ઉપસ્થિત રહી પોતાનું માર્ગદર્શન આપ્યું હતું જેનો ૧૪૦ થી વધુ જેલના કેદીઓએ લાભ લીધો હતો.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ સમગ્ર ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મહેસાણા, ભુજ, વિસનગર, શિંહોર, નવસારી, ઘોઘા, ઉંઝા સહિતના શહેરોમાં કામ કરતી સ્વૈચ્છિક સ્વાસ્થ્ય લક્ષી સંસ્થા છે. જે ત્રિલોકભાઈ આર. પરીખ (ચેરમેનશ્રી—ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન)ના માર્ગદર્શન હેઠળ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાનો પ્રમુખ ધ્યેય સમાજમાં લોકોને કિડની વિશે જાગૃતિ લાવવાનો, કિડનીની નિષ્ફળતાના દર્દીઓની સેવા કરવી, કિડનીના રોગો ન થાય તે અંગેની જાગૃતિ ફેલાવવી, દર્દીઓનું પુર્નઃવસન, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં પ્રયત્નશીલ રહેવાનું છે. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સ્વાસ્થયના ક્ષેત્રમાં જુદા જુદા કાર્યો કરી રહી છે. જેમા ગરીબ દર્દીઓને મદદ કરવાથી માંડીને હોસ્પીટલમાં દર્દીઓનું ડાયાલીસીસ કરતાં ટેકનીશ્યનો માટે પણ શિબીરો દ્વારા દર્દીઓને ડાયાલીસીસ સમયે દર્દીઓને કઈ તકલીફોનો સામનો કરવો પડતો હોય છે વગેરે બાબતો અંગેના સેમીનારો યોજવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા જીવનદાન કાર્યક્રમ અંતર્ગત જરૂરીયાત મંદ કિડનીના દર્દીઓને સારવાર માટે આર્થિક મદદ કરવાનું ઉમદા કામ કરી રહી છે જેના ભાગરૂપે સંસ્થા દ્વારા ઓગષ્ટ-૨૦૧૮ થી ડાયાલીસીસ સેન્ટર સંચાલીત છે. જેમાં જર્મન કંપનીના હિમોડાયાલીસીસ મશીન છે. જેમાં ૩૫ જેટલા દર્દીઓ સારવાર લેવા માટે આવી રહયાં છે અને મહીનાના ૩૦૦ થી ૪૦૦ ડાયાલીસીસ થાય છે. આ ડાયાલીસીસ સેન્ટર શ્રી ક્રિષ્ના સાર્વજનીક હોસ્પીટલ હિંમતનગર ખાતે સંચાલીત છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં એડવાઈઝર મિતલ ખેતાણી તથા પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલે જહેમત ઉઠાવી હતી. 'કિડની જાગૃતિ' અંગેની વિશેષ માહિતી માટે અશ્વીન ગોહેલ મો.૭૯૮૪૮ ૨૯૬૨૯ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## પી.ડી.યુ. મેડીકલ કોલજના મિશન બ્રેઈનના વિદ્યાર્થીઓ અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'અંગદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજાશે


અંગદાન જાગૃતિ અભિયાન અન્વયે પી.ડી.યુ. મેડીકલ કોલજના મિશન બ્રેઈનના વિદ્યાર્થીઓ અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા તા. ૧૩, ઓગષ્ટ, રવીવારે સવારે ૦૭-૦૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધી 'અંગદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજાશે. સાથમાં જ પોસ્ટર/ચિત્રકળા પ્રતિયોગિતાનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને વિજેતા સ્પર્ધકોને ઇનામ વિતરણ પણ કરવામાં આવશે. રજીસ્ટ્રેશન લિંક સ્કૂલો અને કોલેજના વ્હોટસએપ ગ્રુપમાં મુકવામાં આવશે.

'અંગદાન જાગૃતિ' કાર્યક્રમમાં મિતલ ખેતાણી (પ્રમુખશ્રી—એનીમલ હેલ્પલાઈન) તથા ડો. મુકેશ સામાણી (ડીનશ્રી—પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ), ડો.રાધેશ્યામ ત્રિવેદી (સુપ્રિન્ટેન્ડન્ટ, પી.ડી.યુ. મેડીકલ કોલેજ,રાજકોટ) જેમાં મગજ મૃત વ્યકિતના હૃદય, ફેફસાં, કિડની, લીવર, પેન્ક્રીયાસ, નાનું આતરડું જેવા અંગો, આ જ અંગોના સંપૂર્ણ નિષ્ફળ જવાથી જે દર્દીઓ મરણમુખ છે તેવાં દર્દીઓના શરીરમાં રોપવા માટે અંગોનું દાન થઈ શકે છે. આ પ્રક્રિયાને તબીબી વિજ્ઞાન ક્ષ્ીઝીક્ષ્જીૅ 'ક્ષ્ક્ષિ ક્ષ્િહજૅક્ષ્ંક્ષ્હ એટલે કે મગજમૃતનાં અંગોનું પ્રત્યારોપણ એ નામે ઓળખાય છે. આધુનિક તબીબી વિજ્ઞાને માનવજાત માટે કરેલી આ અદભૂત અનુકૂળતા છે. સામે આવીને ઉભેલા મૃત્યુને મ્હાત કરવાનો આ કિમીયો છે. એ માટે સૌથી આવશ્યક છે મગજમૃત (બ્રેઈન ડેડ) વ્યકિતનાં અંગોનું દાન. કિડની, લીવર, હૃદય, પેન્ક્રીયાસ, ફેફસાં એ બધાં અંગો માનવીને કુદરતે આપેલી અદભૂત ભેટ છે. સેંકડો વ્યકિતઓનાં અંગો આખરે અંતિમ ક્રિયા થતાં નાશ પામે છે. જે ખરેખર ઘણા લોકોને જીંદગી આપી શકે તેમ હોય છે. આ સમજ સમગ્ર સમાજમાં જેટલી વધુ ફેલાવી શકાય, તેટલાં વધુ અંગદાન થાય તો વધુ ને વધુ લોકોની જીંદગી બચી શકે, નવપલ્લીત થઇ શકે. દેશમાં ધાર્મિક સંસ્થાઓ, ટ્રસ્ટો, રોટરી કલબ, લાયન કલબ જેવી સેવાભાવી સંસ્થાઓ આ લોકજાગૃતિની પ્રવૃતિ હાથ ધરે તો જેમ રકતદાનમાં ગુજરાતનો આખા દેશમાં ડંકો વાગે છે તેમ થઇ શકે. હજારો દર્દીઓ જે મરણોન્મુખ છે, એમને નવી જીંદગી મળી શકે તેવી તમામ માહિતીનું નિઃશુલ્ક માર્ગદર્શન અપાશે.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી ડો. દર્શિતાબેન શાહ (ધારાસભ્યશ્રી-રાજકોટ) ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલ, પ્રગતિ બાવરવા (મો.૭૯૮૪૮૫૮૫૬૫), યજ્ઞ ઠકરાર (મો. ૮૪૯૦૮૮૪૯૦૮), જીત માકડીયા (મો. ૮૩૨૦૫૪૮૪૪૬) વિગેરેની ટીમ જહેમત ઉઠાવી રહી છે. આ કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી માટે અશ્વીન ગોહેલ મો.૭૯૮૪૮ ૨૯૬૨૯ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## પંચમહાલ જિલ્લાની ગ્રામ્ય અને શહેરની મિલ્કતો તપાસ થાય તો કરોડોનો ભ્રષ્ટચાર બહાર આવવાની શક્યતાઓ ગુજરાત સરકાર ને ભારોભાર લાભો

પંચમહાલ ગોધરા તાલુકા ગામ ચિખોદરા અને હમીરપુર ની જમીનો સરકારી તેમજ ખરાબ ની આવેલી છે ચિખોદરા ના મુળ જમીનો રામજી મઁદિર ની ધાર્મિક નોંધ નં (૨)ની મોટા પ્રમાણ આવેલી છે અને ગુજરાત સરકાર ધ્વરા ઓનલાઇન પણ કરવામાં આવેલ છે જે ગોધરા ના ભુમાફિયા બિલ્ડરો ના તેમજ પંચમહાલ જિલ્લા કલેકટર ગોધરા મેહસૂલી કર્મચારીઓ અધિકારીઓ ધ્વરા ઈધરા ઉઠાવી લેવામાં આવેલ છે આમ ચિખોદરા ના સર્વે નં ૧૧૭ ની જમીનો કે.આ. પ્રઃ-૦૦-૧૧-૧૩-આકાર રૂપિયા ૩૧. તથા સર્વે નં.૧૪૧.ની કે.આ. પ્રં.-૦-૧૫-૧૮-આકાર.૦-૧૫. ની જમીનો મામલતદાર તાત્કાલિક અને એફ વસાવા ખોટા હુકમ નં જમન/ભાડા/પટ્ટા/વશી/એસ. આર.નં.૧/૨૦૧૫=તા.૧૩/૨/૨૦૧૫=થી ધાર્મિક દાન કરેલ મિલ્કતો પંચમહાલ જિલ્લા મેહસૂલી વિભાગ ધ્વરા મોટી લાચ્રુવત લઈ પધરાવી દીધેલછે અને દાન ની મિલ્કતો નો ભાડા પટ્ટા બન્ને સર્વે નં ના રૂપિયા વાર્ષિક ભાડુ બન્ને ના ૪૨ હુકમ માં કરેલ



આ ધાર્મિક સન્સ્થા ની મઁદિર ની જમીનો છે અને સરકારી પણ છે ગોધરા પંચમહાલ દસ્તાવીજો સહિત...

છે આવી સરકારી મિલ્કતો ગુજરાત સરકાર તરફથી તા.૧૬/૭/૨૦૨૨=ના હેડે દાખલ કરવા ગુજરાત રાજ્ય ના ૈ(છજી)કલેકટરો ને સખત્ત આદેશો આપવામાં આવેલ છે તેનું પાલન કરેલ નથી આમ આવી બીજી મિલ્કત હમીરપુર ની કસ્ટોડિયન મિલ્કત જેનો રેવન્યુ સર્વે નં ૩૨=હેં.આ.પ્ર.૦.૪૨.૪૯. આકાર રૂપિયા ૦.૦૦. ની પટ્ટા તા.૧૬/૨/૨૦૧૫. ના રોજ પધરાવી દીધેલ છે ??પેચ ?? આ બન્ને જમીનો માં મોટી લાંચ રુસવત લઈ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અંગેનો ૧૯૪૮ નો કાયદો ક.૮૪(ગ -ગ )(સી-સી)ના ગણોત કાયદાની કલમ ૮૪(ધ)(ડી)કલમ.પી. અથવા ૮૪(સી)મુજબ જે જેજમીનો નિકાલ કરી શકાય એમ હોય તે જમીનના કામ ચલાવ પટ્ટા ઓ તેવો હુકમ કરેલ છે તેમ છતાં પંચમહાલ જિલ્લા ના મેહસૂલી કર્મચારીઓ અધિકારીઓ એ તા.૮/૮/૨૦૨૨/ની રજુઆતો અંગે કોઈ કયાવાહી નહીં કરી ગુજરાત સરકાર નું અકમાન કરેલ છે આ ભુમાફિયા નો ટોચ મરીયાદા અંગે નું સોગંદનામુ પણ લીધેલ નથી કે કોઈ જાહેર નામું જે તે સમય ના મામલતદાર અને એફ વસાવા દ્વારા હુકમો માં ઉલ્લેખ નથી આમ આ સરકારી રેંકડ ગુમ કરી નાખેલ છે આ રજુઆતો મેહસૂલી વિભાગો લગતા વર્ગતાઓ ને જોવા હોય છે આ ભૂમફિયા મેહબૂબ અહેમદ સિંધી જિલ્લા કલેકટર ના મેહસૂલી વિભાગ ધ્વરા કોઈ તા.૮/૮/૨૦૨૨. કરેલ કાયવહી ને ગોધરા ગ્રામ્ય વિભાગના મુખ્ય મામલતદાર જે શીલા બેન નાયક =એસ.બી.નાયક.ધ્વરા. હુકમ ઉપર મૂકી રાખે છે જે બાબતે અને આ જમીનો માં અરજદાર તરીકે મામલતદાર નું નમો છે આવી માં ગુજરાત રાજ્ય સરકાર તરફથી મામલતદારો સામે ખાતાકીય તપાસ તથા શિષ્ય ભંગ ના પગલાં લેવાના આદેશો આપવામાં આવેલ છે આ મિલ્કતો કામ ચાલવ ભાડા પટ્ટા ની છે જો આવી પંચમહાલ જિલ્લા કલેકટર ની નજર નહિ રહેશે તો અને ગુજરાત સરકાર નું નુકસાન મોટા પ્રમાણે થશે આવી સરકારી હિત ની રજુઆતો કેટલીક ગુજરાત સરકાર ગાંધીનગર સુધી નાગરિકો ધ્વરા કરવા માં આવેલ છે પરંતુ જિલ્લા કલેકટર પંચમહાલ મેહસૂલી વિભાગ દ્વાર કરવા આવેલ નથી આવા બિલ્ડરો ભુમાફિયા ઓ સામે કોઈ કાયદાકીયે કે લેન્ડગીરેબીગ હેઠળ કોઈ કાયવહી ગ્રામ્ય મામલતદાર શીલા ભેરુસિંહ નાયક ધ્વરા કોઈ હુકમ કરેલ નથી..

## ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી થઈ રહી છે ત્યાં ગરીબ આદિવાસીઓ તેમને મળનારા અધિકાર થી વંચિત.

રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તા ને સંબોધતાં ગૂજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા જણાવ્યું હતું કે ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી થઈ રહી હોય ત્યાં આદિવાસી ભાઈઓ બહેનો ને જંગલ જમીન ના અધિકાર થી વંચિત રાખવા માં આવ્યા છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની યુપીએ સરકાર આદિવાસીઓ માટે જંગલ જમીન અધિકાર કાયદો લાવી અને ગરીબ આદિવાસીઓ ને જમીન મળે તે માટે ની વ્યવસ્થા ઊભી કરવા માં આવી હતી. રાજયસભામાં તા. ૮-૨-૨૦૨૩ના રોજ અપાયેલ વિગત મુજબ ગુજરાત રાજ્ય ના ૯૧,૧૮૩ આદિવાસીઓ ને જંગલ જમીન અધિકાર થી વંચિત રખાયા છે. જંગલ જમીન કાયદા હેઠળ અરજી કરનારમાંથી ૪૯.૮ % આદિવાસી ભાઈઓ-બહેનો તેમના લાભથી વંચિત. ગુજરાત રાજ્ય ના ૫૭૦૫૪ આદિવાસીઓ ની જંગલ જમીન ના અધિકાર ની અરજીઓ ને નામંજૂર કરવા માં આવી છે. ૩૪,૧૨૯ અરજીઓ પેન્ડિંગ હાલત માં છે, હજી તે ઉપર કોઈ નિર્ણય લેવાયો નથી.ભાજપ દ્વારા આદિવાસીઓ માટે મોટી મોટી જાહેરાતો થાય છે, જ્યારે ગરીબ

- ☐ **૯૧૧૮૩ આદિવાસીઓ ને જંગલ જમીન અધિકાર થી વંચિત રખાયા, અરજી કરનારા ૪૯.૮% આદિવાસીઓ ને લાભ નહિ મળે.**
- ☐ **૫૭૦૫૪ અરજીઓ ને નામંજૂર કરવા માં આવી, ૩૪૧૨૯ આદિવાસીઓ ના જંગલ જમીન અધિકાર ની અરજીઓ ઉપર કોઈ નિર્ણય નહીં.**
- ☐ **અલગ અલગ કાયદા લાવી ને જંગલ ની જમીન ભાજપ સરકાર પોતાના મળતિયાઓને આપી શકે પણ ગરીબ આદિવાસીઓ ને તેમનો અધિકાર નહિ?**
- ☐ **નામંજુર થયેલ અરજીઓ ઉપર ફેર વિચારણા થવી જોઈએ, પેન્ડીંગ અરજીઓ ઉપર ત્વરીત નિર્ણય થાય તેવી માંગ.**
- ☐ **૧૬૦૦૦ હેક્ટર થી વધુ જંગલ ની જમીન બિન જંગલ ઉપયોગ માં આપી દેવા માં આવી..**

વંચિત આદિવાસીઓ ને અધિકારો આપવાની વાત હોય ત્યારે તે આદિવાસીઓ ને લાભ થી વંચિત રાખવા માં આવે છે. ગુજરાત રાજ્ય ની ૧૬૦૦૦ હેક્ટર થી પણ વધારે જમીન ને બિન જંગલ ઉપયોગ માં લેવા માં આવી છે. અલગ અલગ કાયદા લાવી ને ગરીબ આદિવાસીઓ ની જમીન છીનવી ને પોતાના ના મળતીયાઓ ને લાભ માટે નું વ્યવસ્થા તંત્ર થઈ ગયું હોય તેમ છે. લોકડાઉન માં ગરીબ આદિવાસીઓ ઉપર જમીન ના મુદ્દે બળજબરી કરતા તંત્ર ને આપણે સહુ એ જોયું છે. તંત્ર અને સરકાર ને આદિવાસીઓ ની જમીન ને ઉદ્યોગો અને કોર્પોરેટ ને આપતા જોયા છે. અંબાજી થી ઉમરગામ ના ગરીબ આદિવાસીઓ એ પોતાના ના હક્ક ની લડાઈ લડવા માટે રોડ ઉપર ઉતરવું પડે છે. ગુજરાત ના ગરીબ આદિવાસી સમાજ ની જંગલ જમીન અધિકાર ની નામંજૂર અરજીઓ ઉપર ફેર વિચારણા સરકાર એ કરવી જોઈએ.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No :126
વિષય : ગુણ દોષ
શિર્ષક: ગુણાત્મક પ્રકૃતિ
શબ્દો: ૩૫૦
નામ : મોહનભાઈ" આનંદ"

ત્રિગુણાત્મક પ્રકૃતિમાં ગુણ દોષ હોય એ સ્વાભાવિક છે, સત્વ રજસ અને તમસ એ ગુણોથી અને પંચ તત્વોના સંમિશ્રણથી સૃષ્ટિ ચાલે છે. દરેક માણસની ઈચ્છાઓ અલગ અલગ છે, ઈચ્છા વગર નો માનવી હોય શકે ખરો? એટલે જેને જેવો અને જેટલો દેહ અધ્યાસ અને દ્રઢ ઘનીભૂત સંકલ્પ, એટલી પ્રબળતા એ સંસાર ને પામવાની હોય છે. પરિણામે જીવ
અહંકાર વશ પોતાને કર્તા ભાવે પ્રકૃતિમાં જોડી દે છે.
જ્યાં દેહ મન બુદ્ધિ અને ઈન્દ્રિયોની ઉપયોગિતા ના બદલે ઉપભોગનો ભાવ આવે ત્યાં ભૂલ થવાની સંભાવના પૂર્ણતઃ છે. રજસ અને તમસ ગુણોના પ્રાધાન્યતા હેઠળ તારું મારું જાતિ,ધર્મ , ઊંચનીચ એવા ભેદભાવ સર્જાય છે.પરિણામે દેશ કાળ પરિસ્થિતિ મુજબ માણસ દોષિત બની જાય છે.
સત્યને વીસરી અસત પ્રકૃતિમાં ગુણોમાં જ પ્રવર્તમાન ઘટના થતી હોવા છતાં
પોતે અહંકાર ને વશ થઈ દોષારોપણ કરી બંધન પામે છે.

એટલે સમરસતા રાખો, એકત્વની અનુભૂતિ કરો, ઈશ્વરની અલૌકિક કૃપાદ્રષ્ટિ છે એટલે જ તો માનનીય દેહ મળ્યો છે, એટલે માનવતાવાદી બનો.
અગર દોષોથી મુક્ત થવું હોય તો, પોતાના કર્મ નિષ્કામ કરો. સદૈવ બીજાનું
કલ્યાણ ઈચ્છે,તો સુખ શાંતિ સમૃદ્ધિ અવશ્ય મળે.

હવે આ પ્રકૃતિમાંથી છુટકારો મેળવવા માટે નો એક જ ઉપાય છે.ઈશ્વર હવા શરણમાં જવું, કર્તા ભોક્તા ભાવનો ત્યાગ કરવો જોઈએ, નિષ્કામ ભાવે નિર્લેપ રહી અનાસક્તિમાં ઈશ્વર પ્રીતિ માટે જ, આવી પડેલા નિત્ય નૈમિત્તિક કર્મો કરવાથી એ કર્તાપણું છુટી જાય છે.અને પોતે ચૈતન્ય સ્વરૂપમાં વિશ્રામ પામે છે.
કર્તાપણાનો ભાવ હું એટલે કે અહંકાર દ્વારા દેહમાં મારું એ ભાવના હોય છે. તેથી એ ભાવથી વિપરીત હું નથી ,સઘળું ઈશ્વરની માયા છે,પંચ તત્વો,ગુણ અને મન બુધ્ધિ આદિ પ્રકૃતિમાં છે. હું ચૈતન્ય સ્વરૂપ આત્મા આ બધાથી અલિપ્ત છે..એવુ પરોક્ષપણે તર્ક દ્વારા જ્ઞાન થાયછે.ત્યારે સમજાય છે કે પ્રત્યક્ષ જ્ઞાન ઈન્દ્રિયોમાં છે અને પરોક્ષ જ્ઞાન મન અને બુદ્ધિગત છે. આત્મા તો આ બન્નેથી પર અપરોક્ષ છે, જ્યાં ઈન્દ્રિયો કે પ્રકૃતિની પહોંચ નથી.માટે એ અનિર્વચનીય પદ છે. સ્વાનુભવ છે. એવુ સમજાય ત્યારે એ સાચો ભક્ત યોગીને જ્ઞાની બની જાય છે અને કર્મના તથા પ્રકૃતિના બંધનથી જીવતે જીવ અહીં જ મુક્તિ મેળવી લે છે. આ ગીતાનું તત્વજ્ઞાન છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO:153 વિષય: "ગુણ દોષ"
શીર્ષક:" હું માણસ છું"
પ્રકાર:પધ્ય શબ્દો: ૨૦૫
લેખક નું નામ: જિતેન્દ્ર શાહ

હું માણસ છું.
પ્રભું એ જેમને મારી સાથે સાંકળ્યાં તેમનાં ગુણ દોષો ની ચર્ચા માં હું પડતો નથી, હું માણસ છું.
હું મારાં ગુણો ને વળગી રહ્યો છું ને બીજાં નાં દોષો થી અળગો રહ્યો છું,હું માણસ છું. મારે સૌની સાથે હળીમળીને રહેવું છે, ઝઘડો ટંટો મને ફાવે નહીં,હું માણસ છું.
છળ કપટ મને કદી ફાવે નહીં,મારાં ગુણ મને મુબારક,બીજાં નાં દોષ તેને મુબારક, હું માણસ છું.
પાડી પરસેવો કરી છે મહેનત,આરામ મને ફાવે નહીં,નશીબે કદી હીંચકા નથી ઝુલ્યાં,સ્વજનો ને કદી નથી ભૂલ્યાં, હું માણસ છું.
ઘર માં સૂરજ ની જરુર કદી પડી નથી, ઘર માટે હું ફાનસ છું,ચાંદ નું અજવાળું મને વધુ પ્રિય, હું માણસ છું.
કાયમ માંગી ને માની છે સલાહ- સૂચન વડીલો ની,મને દોષ મુક્ત કરી કર્યાં ગુણ યુક્ત તેમનાં આશીર્વચનથી હું માણસ છું.
ફોઈ,બહેન,દિકરી નું પિયર છે મારું ઘર,
ત્રણે પામે એકસરખો પ્રેમ, હું માણસ છું.
મા કરે દિકરી નાં ઘર માં ચંચુપાત, તે મારાં ઘર માં ચાલે નહીં,દિકરી મારાં ઘરમાં કરે ચંચુપાત તે મારાં ઘર માં હાલે નહીં.
હોદ્દા પ્રમાણે આપે માન અને મેળવે
માન એ આ ઘર નો ચીલો છે,
કો'ક નાં ગુણ દોષો માં પડ્યાં વગર સાત પેઢી થી ચાલી આવતો આ ઘર નો સીલસીલો છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No -- 39
વિષય -- અધિક માસ
શીર્ષક - મળ માસ
શબ્દો -- ૩૫૦
નામ - પ્રફુલ્લા "પ્રસન્ના"

આપણું ૨૦૨૩નું વર્ષ ઘણી બધી રીતે ખાસ બની રહ્યું છે દર ત્રણ વર્ષે આવતો અધિકમાસ આ વર્ષે ૧૯ વર્ષ બાદ શ્રાવણ માસમાં આવી રહ્યો છે. તેની પહેલા ૨૦૦૪માં શ્રાવણ માસમાં અધિક માસ આવ્યો હતો. ગયા વર્ષે રક્ષાબંધન ૧૧ ઓગસ્ટે હતી પરંતુ આ વર્ષે ૨૦૨૩માં આ પર્વ ૩૦ ઓગસ્ટે છે એટલે કે આ વખતે પૂરાં ૧૯ દિવસનું અંતર છે. આવું જ અંતર તે પછી આવતા તહેવારો જેવા કે જન્માષ્ટમી, ગણેશ ઉત્સવ, શ્રાદ્ધ પક્ષ, નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા તમામ તહેવારોમાં લગભગ આટલું જ અંતર આવશે.

હિન્દુ પંચાંગમાં બાર મહિના ઉપરાંતનાં તેરમા મહિનાને અધિકમાસ કહેવાય છે. આ મહિનામાં કોઈ તહેવાર કે કોઈ શુભ મુહૂર્ત ન હોવાને કારણે કોઈ શુભ કાર્ય થઈ શકતું નથી તેથી મળ માસ, અતિ મલિન રૂપવાળો હોવાથી મલિમ્લુચ, પાપનો સ્વામી હોવાથી અંહસ્પતિ અને જે વર્ષે એ અધિક માસ હોય તો તેમાં પહેલા અધિક માસને સંસર્પ કહેવામાં આવે છે.

એવું મનાય છે કે જ્યારે દરેક મહિનાનાં અધિપતિ તરીકે એક-એક દેવતાઓને સ્થાપન કર્યા પણ અધિક માસનાં અધિપતિ કોઈ થવા તૈયાર ન થયું. આ મહિનાને પોતાનું નામ આપવા ભગવાન વિષ્ણુએ તેનું આધિપત્ય સ્વીકાર્યું અને અધિક માસના સ્વામી બન્યાં.

સર્વે માસનો અધિપતિ અધિક માસમાં પુરષોત્તમની પૂજા,વ્રત, ઉપવાસ એકટાણા વધારે થવા માંડ્યા જેનાં કારણે આખું જગત પવિત્ર બન્યું. આ અધિક મહિનો પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખાયો.

અધિકમાસમાં ત્રેત્રીસ કરોડ દેવી-દેવતા પણ દેવલોક છોડીને પૃથ્વી પર વાસ કરે છે. શાસ્ત્રમાં ઉલ્લેખ છે કે પ્રજાપિતા શ્રીબ્રહ્માએ પણ આ બધાના સ્નાનાદિ સુવિધા માટે ૨૨ કુંડ, ૫૨ જલધારોનું નિર્માણ કર્યુ છે. એ સિવાય પણ નારદીય પુરાણમાં આવતી રાજા અંબરીષ અને ઋષિ દુર્વાસાની કથા પણ જાણીતી છે.

ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ
ભારતમાં બે પ્રકારના કેલેન્ડર ચાલે છે. એક સૂર્ય ગણનાનાં આધારે જેમાં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી ૧૨ મહિના હોય છે અને બીજુ ચંદ્ર ગણના અનુસાર જેમાં ચૈત્રથી ફાગણ સુધીના ૧૨ મહિના હોય છે. આપણે તેમાં પંચાંગ જોઈએ છીએ. વ્રત-તહેવાર ચંદ્રમાસની ગણતરી અનુસાર ઉજવવામાં આવે છે, જેમાં ચૈત્રથી ફાગણ સુધીના ૧૨ મહિના હોય છે. સૂર્ય ગણનાથી વર્ષનાં ૩૬૫ દિવસ હોય છે, જ્યારે ચંદ્ર ગણનાથી વર્ષના ૩૫૪ દિવસ હોય છે. આ રીતે દર વર્ષે સૂર્ય તથા ચંદ્ર ગણનાથી ૧૧ દિવસનું અંતર થઈ જાય છે. આ અંતર ત્રણ વર્ષમાં ૩૩ દિવસનું થઈ જાય છે ત્યારે અધિક માસ બને છે.

# એમસીએક્સ પર ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૨૧ લપસ્યો: સોના-ચાંદીમાં પણ એકંદરે નરમાઈનો માહોલ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
### નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૪૮,૭૩૬ સોદાઓમાં કુલ રૂ.૩૦,૯૩૭.૨૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૫૬૧.૭૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૪૩૬૯.૦૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૩,૪૬૨ સોદાઓમાં રૂ.૩,૮૮૩.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૩૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૪૭૪ અને નીચામાં રૂ.૫૯,૩૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧ ઘટી રૂ.૫૯,૩૯૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯ ઘટી રૂ.૪૭,૯૫૮ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ ઘટી રૂ.૫,૮૮૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦ ઘટી રૂ.૫૯,૧૩૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૨૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૩૦૦ અને નીચામાં રૂ.૭૦,૮૫૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨૪ ઘટી રૂ.૭૦,૯૪૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૯૪ ઘટી રૂ.૭૧,૦૮૧ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૧૬ ઘટી રૂ.૭૧,૦૮૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૧૮૭ સોદાઓમાં રૂ.૧,૪૦૨.૬૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૩૭.૦૫ના ભાવે ખૂલી, રૂ.૧૦.૨૦ ઘટી રૂ.૭૨૭.૨૫ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૦ ઘટી રૂ.૨૦૦.૨૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪.૧૫ ઘટી રૂ.૨૧૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૦૦.૪૫ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૩.૮૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪ ઘટી રૂ.૨૧૯.૪૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૭૭૦ સોદાઓમાં રૂ.૧,૨૭૦.૫૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૮૦૫ અને નીચામાં રૂ.૬,૬૬૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૧ ઘટી રૂ.૬,૬૮૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૧૯ ઘટી રૂ.૬,૬૮૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૬ના ભાવે ખૂલી, રૂ.૨.૫૦ ઘટી રૂ.૨૨૫.૩૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૨.૩ ઘટી ૨૨૫.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૫.૨૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૯૦૦ અને નીચામાં રૂ.૫૯,૭૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ ઘટી રૂ.૫૯,૮૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૮૦ વધી રૂ.૮૭૯.૯૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૨૪.૨૨ કરોડનાં ૨,૭૩૫.૬૨૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૫૯.૦૯ કરોડનાં ૩૧૬.૪૩૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૪૯.૦૬ કરોડનાં ૮,૧૭,૫૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૨૧.૫૨ કરોડનાં ૩,૧૮,૯૬,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૦.૬૮ કરોડનાં ૬,૦૦૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૧૬.૩૩ કરોડનાં ૮૮૮ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૨૫.૮૪ કરોડનાં ૧૧,૨૯૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૩૯.૮૦ કરોડનાં ૧૯,૮૮૯ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૭૨ કરોડનાં ૨૮૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૪૯ કરોડનાં ૩૯.૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૫૦૦.૧૧૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૪૯.૬૪૯ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૮૮૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૩૫૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૪૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૫૨૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯,૩૪,૭૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૮૨,૯૮,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૩૯૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૪૦૪.૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૬.૪૨ કરોડનાં ૮૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૭૭ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૮૫૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૮૧ અને નીચામાં ૧૫,૮૨૫ બોલાઈ, ૫૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૫ પોઈન્ટ ઘટી ૧૫,૮૫૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૪૩૬૯.૦૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨૬.૪૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૬૮.૫૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦૫૦૪.૯૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૪૮.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૩૩.૫૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૪.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૮.૯૦ અને નીચામાં રૂ.૮૭.૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૮.૧૦ ઘટી રૂ.૯૨.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૮.૯૦ અને નીચામાં રૂ.૭.૫૦ રહી, અંતે રૂ.૦.૮૦ ઘટી રૂ.૮.૪૦ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭૫ અને નીચામાં રૂ.૫૨૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬.૫૦ વધી રૂ.૫૬૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૭ ખૂલી, ઊપરમાં રૂ.૬૧૦ અને નીચામાં રૂ.૫૧૧ રહી, અંતે રૂ.૧૦ ઘટી રૂ.૫૭૨.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૦૦ના ભાવે ખૂલી, રૂ.૯૩ ઘટી રૂ.૧,૦૧૯ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૨૦ના ભાવે ખૂલી, રૂ.૫૪ ઘટી રૂ.૧,૪૪૫ થયો હતો. તાંબુ ઓગસ્ટ

આભાર - નિહારીકા રવિયા રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૪૫ ઘટી રૂ.૪.૫૮ જસત ઓગસ્ટ રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧.૩૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૦.૫૦ અને નીચામાં રૂ.૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૬.૪૦ વધી રૂ.૧૫૦.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૮.૩૦ અને નીચામાં રૂ.૭.૨૦ રહી, અંતે રૂ.૦.૮૫ વધી રૂ.૭.૯૦ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧૦ અને નીચામાં રૂ.૫૫૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧ વધી રૂ.૫૯૩ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૦ અને

# પૂજ્ય મોરારી બાપુ દ્વારા આયોજિત ઐતિહાસિક ૧૨ જ્યોર્તિલિંગ, રામકથા યાત્રાનું ગુજરાતમાં તલગાજરડા ખાતે સફળ સમાપન

તલગાજરડા, મહુવા, ૮ ઓગસ્ટ, ૨૦૨૩: પૂજ્ય મોરારીબાપુ દ્વારા આયોજીત ૧૨ જ્યોર્તિલિંગ ખાતે રામકથાની પવિત્ર યાત્રાનું ૮ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ગુજરાતના તલગાજરડા ખાતે બાપુના ચિત્રકુટધામમાં સમાપન કરવામાં આવ્યું હતું. કેદારનાથના પવિત્ર પર્વતોથી શરૂ કરીનેસોમનાથના દરીયા કિનારા સુધી ૧૨,૦૦૦ કિ.મી. લાંબી યાત્રા ૧૮ દિવસમાં પૂર્ણ કરવામાં આવી હતી, જેમાં શ્રદ્ધાળુઓને આધ્યાત્મિકતા અને આત્માની શોધની યાત્રાની અનુભૂતિ કરાવવામાં આવી હતી. પૂજ્ય બાપુએ સનાતન ધર્મના શૈવ અને વૈષ્ણવ સહિતના વિવિધ સમૂહો અને સમુદાયો વચ્ચે સંવાદિતા અને સહ-અસ્તિત્વના બીજ રોપવા માટે ૧૨ જ્યોર્તિલિંગ ખાતે રામકથાના ઉપદેશો ફેલાવવાની આ પહેલ હાથ ધરી હતી.

૧૦૦૮ શ્રદ્ધાળુઓએ રામ કથા સાંભળતા ઉત્તરાખંડ રાજ્યના કેદારનાથ; વિશ્વનાથ, કાશી; બૈદ્યનાથ, ઝારખંડ; મલ્લિકાર્જુન, આંધ્રપ્રદેશ; રામેશ્વરમ્, તમિલનાડુ; નાગેશ્વર, ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર અને ઘૃષ્ણેશ્વર, મહારાષ્ટ્ર; ઓમકારેશ્વર અને ઉજ્જૈન, મધ્ય પ્રદેશ અને છેલ્લે સોમનાથના જ્યોર્તિલિંગના દર્શન કરીને સફળતાપૂર્વક આ યાત્રા પૂર્ણ કરી હતી. શ્રદ્ધાળુઓએ ઋષિકેશ, જગન્નાથ પુરી, તિરુપતિ બાલાજી અને દ્વારકાધીશ ધામના પવિત્ર ધામોના દર્શનનો પણ અનુભવ કર્યો હતો.

યાત્રાના ઉદ્દેશ્ય વિશે વાત કરતા બાપુએ જણાવ્યું હતું કે આ યાત્રા "નિર્હેતુ" હતી અર્થાતકોઈ ગુપ્ત હેતુ વગરની હતી, પરંતુ તે જ્યોર્તિલિંગ, ધામો અને અન્ય તમામ હિન્દુ ધર્મસ્થાનો સહિત સનાતન ધર્મની ધર્મનિષ્ઠા અને ભક્તિના કેન્દ્રોને પુનર્જીવિત કરવામાં ચોક્કસપણે મદદ કરશે. બાપુએ આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે તમામ મંદિરો પહેલેથી જ શુદ્ધ છે,




ત્યારે તેમને સ્વચ્છ રાખવાની અને વધુ સારી રીતે સુયોજિત કરવાની જરૂર છે જેથી મોટા ભાગના સામાન્ય માણસો પણ સરળતાથી ત્યાં પહોંચી શકે અને દર્શન મેળવી શકે કે જેથી આંતરિક શાંતિની શોધ કરી શકાય અને દિવ્યતા સાથે જોડાણ મેળવી શકાય.

બાપુએ જણાવ્યું હતું કે, સ્વચ્છ ભારતને પ્રોત્સાહન આપવા અને કાશી તથા ઉજ્જૈનમાં ભવ્ય કોરિડોરનું નિર્માણ કરવાના સરકારના પ્રયાસોને અન્ય મુખ્ય યાત્રાધામોના નવીનીકરણ માટેના ઉદાહરણ તરીકે ગણવા જોઈએ. બાપુએ આ કથાના માધ્યમથી "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના વિચારની પણ ઉજવણી કરી હતી અને અમૃત કાલની ચાલી રહેલી ઉજવણીઓ વચ્ચે આપણા ભારત દ્વારા સાંસ્કૃતિક વિવિધતાને પ્રોત્સાહન આપવામાં આવે છે તેના તરફ ધ્યાન દોર્યું હતું.

ઘણા સંતો માને છે કે આત્મસાક્ષાત્કાર એ માનવજીવનનું અંતિમ ધ્યેય છે, ત્યારે બાપુને લાગે છે કે સાધુએ છેવાડાના માનવી સુધી પહોંચીને પોતાનો અંદરનો દીવો પ્રગટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્યોર્તિલિંગ રામ કથાઘણી બધી રીતે દેશના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એમ ચાર ખૂણામાં લોકો સાથે જોડાવાનો અને તેમના સુધી આધ્યાત્મિક ઉમંગ લાવવાનો એક પ્રયાસ હતો. કથાના અંતિમ દિવસે બાપુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા સાંસ્કૃતિક એકતા અને રાષ્ટ્રીય સુમેળ લાવવાની એક પહેલ હતી.દેશભરમાં ભક્તોમાં સનાતન ધર્મના ઉપદેશો અને તર્કને ફેલાવવાના હેતુ સાથનેરામ કથા યાત્રા શાંતિ અને સંવાદિતાના બીજ રોપવા પર કેન્દ્રિત હતીઅને આપણા ભારતવર્ષના તત્વમાં સમાવિષ્ટ સમૃદ્ધ ઈતિહાસ અને પ્રાચીન જ્ઞાનની ઉજવણીમાં દેશભરના સમુદાયોને એક કર્યા હતા.સનાતન ધર્મને નવજીવન આપીને અને રામચરિતમાનસના ઉપદેશોને આધુનિક સમાજ સાથે પ્રસ્તુત કરવાના પ્રયાસરૂપે બાપુએ સ્વચ્છતા, સમાનતા, સંવાદિતા, એકતા અને શાંતિ સાથે સહ-અસ્તિત્વના મૂલ્યોને જાળવી રાખતા આદર્શ સમાજના નિર્માણના મહત્વ વિશે વાત કરી હતી. આપણા ધર્મગ્રંથોનું પ્રાચીન જ્ઞાન દેશભરના ભક્તો સુધી પહોંચાડવા, તેમનામાં આપણા દેશની સંસ્કૃતિ, ધર્મ અને વિવિધતા માટે ગૌરવનું સિંચન થાય તે માટે કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આ દેશનું યુવાધન ડ્રગ્સની નાગચુડમા ફસાઈ ગયું છે કોણ બહાર કાઢશે?



શહેરો મા એક નવી બદી સામે આવી રહી છે શહેરમાં અમુક ખાસ વિસ્તારમા દારૂના વ્યસની નશાખોર યુવાનોમાં દવાની દુકાનમાં વેચાતા કફ સીરપ પીવાનું ચલણ ખુબ જ વધી ગયું છે
છેલ્લા કેટલાક સમયથી મોડી રાતે એ દુકાનોની બહાર યુવાનોની મહેફિલ જામે છે ઉભા ઉભા આખી બોટલ એકી શ્વાશમા ગટગટાવી જાય છે આ. યુવાનોને મન દવાની દુકાન જાણે નશો કરવાનો અડ્ડો બની ગયો છે કફ સીરપમાં પ્રમાણમાં આલ્કોહોલ વધુ આવતું હોવાથી આ કફ સીરપનું સેવન વધુ માત્રામા કરવામાં આવે તો ક્યારેક પરિસ્થિતિ ખતરનાક બની જતી હોય છે યુવાનોને આની ગંભીરતા સમજાતી નથી મજા ક્યારે સજા બની જાય છે ખબર પડતી નથી સીરપ આ યુવાનોને સસ્તી પડે છે આની મસ્તી તમારી હસ્તી મિટાવી દેવાની તાકાત ધરાવે છે
કોઈ પણ નશો સર્વનાશ કરે છે.
આપણા ફેમિલી ડોક્ટર પણ સૂતી વખતે એક ચમચી કે બે ચમચી સીરપ લેવાની સલાહ આપે છે વધુ માત્રામા લેવામાં આવે તો દવા પણ ઝેર બની જાય તમે અર્ધા રસ્તેથી ચાલ્યા જશો તો પરિવારને કેવી કેવી ભંયકર તકલીફો મુસીબતોનો સામનો કરવો પડશે તમને ખબર છે? જરા લાંબો વિચાર કરજો તમારા માતાપિતા અસહાય લાચાર અવસ્થામા બાકીનું જીવન ગુજારે તમે એમ ચાહો છો? તમને આ બધું ગમશે? તમારો પરિવાર ડગલે ને પગલે આંસુ સારતા રહે એ તમને ગમશે? તમને સારુ લાગશે?
ભારત સરકારે ઊંઘની દવા ડોક્ટરની ચિઠ્ઠી વગર આપવી નહી એવો કાયદો ઘડેલો છે અમલ કેટલો થાય છે એ એક અલગ વાત છે હવે કફ સીરપ પણ ડોક્ટરની ચિઠ્ઠી વગર મળે નહી એવો કાયદો તાત્કાલિક બનાવવો જોઈએ

શહેરોમાં એક નવી બદી સામે આવી રહી છે શહેરમાં અમુક ખાસ વિસ્તારમા દારૂના વ્યસની નશાખોર યુવાનોમાં દવાની દુકાનમાં વેચાતા કફ સીરપ પીવાનું ચલણ ખુબ જ વધી ગયું છે
છેલ્લા કેટલાક સમયથી મોડી રાતે એ દુકાનોની બહાર યુવાનોની મહેફિલ જામે છે ઉભા ઉભા આખી બોટલ એકી શ્વાશમા ગટગટાવી જાય છે આ. યુવાનોને મન દવાની દુકાન જાણે નશો કરવાનો અડ્ડો બની ગયો છે કફ સીરપમાં પ્રમાણમાં આલ્કોહોલ વધુ આવતું હોવાથી આ કફ સીરપનું સેવન વધુ માત્રામા કરવામાં આવે તો ક્યારેક પરિસ્થિતિ ખતરનાક બની જતી હોય છે યુવાનોને આની ગંભીરતા સમજાતી નથી મજા ક્યારે સજા બની જાય છે ખબર પડતી નથી સીરપ આ યુવાનોને સસ્તી પડે છે આની મસ્તી તમારી હસ્તી મિટાવી દેવાની તાકાત ધરાવે છે
કોઈ પણ નશો સર્વનાશ કરે છે.
આપણા ફેમિલી ડોક્ટર પણ સૂતી વખતે એક ચમચી કે બે ચમચી સીરપ લેવાની સલાહ આપે છે વધુ માત્રામા લેવામાં આવે તો દવા પણ ઝેર બની જાય છેઃ એવો બનાવ સામે આવ્યો છે કે પરિવારે દારૂ પીવાની ના પાડતા કફ સીરપનું સેવન કરતા યુવાનનું મોત આ પરિવારની ૩૧ મી જુલાઈ ક્યારેય નહી ભુલાય એવી બની ગઈ .
યુવાનો જાગો આ મહામૂલી જીંદગીને આમ વેડફી નાખવાનો તમને કોઈ અધિકાર નથી.
તમે અર્ધા રસ્તેથી ચાલ્યા જશો તો પરિવારને કેવી કેવી ભંયકર તકલીફો મુસીબતોનો સામનો કરવો પડશે તમને ખબર છે? જરા લાંબો વિચાર કરજો તમારા માતાપિતા અસહાય લાચાર અવસ્થામા બાકીનું જીવન ગુજારે તમે એમ ચાહો છો? તમને આ બધું ગમશે? તમારો પરિવાર ડગલે ને પગલે આંસુ સારતા રહે એ તમને ગમશે? તમને સારુ લાગશે?
ભારત સરકારે ઊંઘની દવા ડોક્ટરની ચિઠ્ઠી વગર આપવી નહી એવો કાયદો ઘડેલો છે અમલ કેટલો થાય છે એ એક અલગ વાત છે હવે કફ સીરપ પણ ડોક્ટરની ચિઠ્ઠી વગર મળે નહી એવો કાયદો તાત્કાલિક બનાવવો જોઈએ

શહેરોમાં એક નવી બદી સામે આવી રહી છે શહેરમાં અમુક ખાસ વિસ્તારમા દારૂના વ્યસની નશાખોર યુવાનોમાં દવાની દુકાનમાં વેચાતા કફ સીરપ પીવાનું ચલણ ખુબ જ વધી ગયું છે
છેલ્લા કેટલાક સમયથી મોડી રાતે એ દુકાનોની બહાર યુવાનોની મહેફિલ જામે છે ઉભા ઉભા આખી બોટલ એકી શ્વાશમા ગટગટાવી જાય છે આ. યુવાનોને મન દવાની દુકાન જાણે નશો કરવાનો અડ્ડો બની ગયો છે કફ સીરપમાં પ્રમાણમાં આલ્કોહોલ વધુ આવતું હોવાથી આ કફ સીરપનું સેવન વધુ માત્રામા કરવામાં આવે તો ક્યારેક પરિસ્થિતિ ખતરનાક બની જતી હોય છે યુવાનોને આની ગંભીરતા સમજાતી નથી મજા ક્યારે સજા બની જાય છે ખબર પડતી નથી સીરપ આ યુવાનોને સસ્તી પડે છે આની મસ્તી તમારી હસ્તી મિટાવી દેવાની તાકાત ધરાવે છે
કોઈ પણ નશો સર્વનાશ કરે છે.
આપણા ફેમિલી ડોક્ટર પણ સૂતી વખતે એક ચમચી કે બે ચમચી સીરપ લેવાની સલાહ આપે છે વધુ માત્રામા લેવામાં આવે તો દવા પણ ઝેર બની જાએવો બનાવ સામે આવ્યો છે કે પરિવારે દારૂ પીવાની ના પાડતા કફ સીરપનું સેવન કરતા યુવાનનું મોત આ પરિવારની ૩૧ મી જુલાઈ ક્યારેય નહી ભુલાય એવી બની ગઈ .
યુવાનો જાગો આ મહામૂલી જીંદગીને આમ વેડફી નાખવાનો તમને કોઈ અધિકાર તમે અર્ધા રસ્તેથી ચાલ્યા જશો તો પરિવારને કેવી કેવી ભંયકર તકલીફો મુસીબતોનો સામનો કરવો પડશે તમને ખબર છે? જરા લાંબો વિચાર કરજો તમારા માતાપિતા અસહાય લાચાર અવસ્થામા બાકીનું જીવન ગુજારે તમે એમ ચાહો છો? તમને આ બધું ગમશે? તમારો પરિવાર ડગલે ને પગલે આંસુ સારતા રહે એ તમને ગમશે? તમને સારુ લાગશે?
ભારત સરકારે ઊંઘની દવા ડોક્ટરની ચિઠ્ઠી વગર આપવી નહી એવો કાયદો ઘડેલો છે અમલ કેટલો થાય છે એ એક અલગ વાત છે હવે કફ સીરપ પણ ડોક્ટરની ચિઠ્ઠી વગર મળે નહી એવો કાયદો તાત્કાલિક બનાવવો જોઈએ

# સમસ્ત મહાજન દ્વારા પાલીતાણામાં અબોલ પશુઓનો સેવા અભિયાન



વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે પ્રયત્નશીલ સંસ્થા સમસ્ત મહાજન દ્વારા પશુઓનો સેવા અભિયાન શરૂ કરવામાં આવ્યો. સમસ્ત મહાજન દ્વારા પાલિતાણામાં હજારો અબોલ જીવોની સેવા કરવામાં આવે છે. પાલિતાણામાં હજારો કુતરાઓ છે, જે આખો દિવસ ખાવાનું શોધતા રહે છે. પરંતુ તેમના માટે કોઈ વ્યવસ્થા આજ સુધી કરવામાં આવી નથી. સમસ્ત મહાજન દ્વારા આ કૂતરાઓને દરરોજ દૂધ અને બાજરાની રોટલી ખવડાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સમગ્ર પાલીતાણામાં ૧૦૦ થી વધુ જગ્યાઓ નક્કી કરવામાં આવી અને પશુઓનાં ભોજન માટે કુંડીઓ મુકવામાં આવી. આ અભિયાન અંતર્ગત કૂતરાઓને ૧૦૦ લિટર દુધ અને રોટલી ખવડાવવી તેમજ તેમને હડકવા અથવા અન્ય કોઈ બીમારી ન થાય તેના માટે રસીકરણ પણ કરવામાં આવી રહ્યું છે. પવિત્ર પાલિતાણામાં અત્યાર સુધીમાં ૬૯૦ થી વધુ શ્વાનને નિયમિત ધોરણે રોટલી અને દૂધ,છાશ અને ભાત, પૂરી, પૌવા વગેરે જમાડવામાં આવે છે. વર્તમાન સમયમાં બે હજારથી વધુ કૂતરા અને બિલાડીઓ માટે નિયમિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. સમસ્ત મહાજનનાં આ કાર્યમાં નંદપ્રભા ધર્મશાળા, તખતગઢ ધર્મશાળા, ઈસ્ઠ જંબુદિપ ધર્મશાળા, પાલનપુર ધર્મશાળા, કેસરિયજી ધર્મશાળા, ભૂરીબા ધર્મશાળા, નવરત્નધામ ધર્મશાળા, વિદ્યાવિહાર ધર્મશાળા, ચેન્નઈ ભુવન, મન શાંતિ ભુવન, ધાનેરા ભુવન, મહારાષ્ટ્ર ભુવન, દક્ષ વિહાર, આત્માનંદ જૈન પંજાબી યાત્રિક ભવન, ખિમંત ભવન, નાકોડા ભવન, ઝાલાવાડ યાત્રિક ભવન, ગિરિવિહાર ભોજનશાળા, શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન ધર્મશાળા, તિલોક્ દર્શન ધર્મશાળા, આગમ મંદિર, ચંદ્ર દીપક ધર્મશાળા, સંઘવી ભેરુ વિહાર, જડાવી ભવન, ગિરીવિહાર ધર્મશાળા, મોહન બાગ ધર્મશાળા, ભરતભાઈ માંડલિયા વગેરે ભોજનશાળાઓનો સહયોગ મળી રહ્યો છે. સહયોગ આપનાર તમામ ધર્મશાળાઓનું સમસ્ત મહાજન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પાલિતાણામાં અબોલ જીવોની સેવા કરવા માટે એક દિવસનો અંદાજિત ખર્ચ દસ હજાર રૂપિયા છે. આ અબોલ પશુઓની સેવામાં જોડાવવા સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહ (મો.૯૮૨૦૦૨૦૯૭૬), અજયભાઈ શેઠ(મો. ૯૪૨૬૨ ૨૮૦૧૮), પરેશભાઈ શાહ (મો.૯૮૧૯૩૦૧૨૯૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોનું વધુ એક નાટક વિદ્યાર્થીઓના પ્રવેશના નામે માત્રને માત્ર સંચાલકોના ફાયદાની ગોઠવણી એટલે 'નીડ'

ગુજરાત યુનિવર્સિટી દ્વારા દર વર્ષની જેમ જ વધુ એક વાર પ્રવેશ પ્રક્રિયા ધો-૧૨ ના પરિણામને બબ્બે મહિના વીતી ગયા છતાં હજી પૂર્ણ કરી શકતા નથી. છેલ્લા દસ વર્ષ કરતા વધુ સમય છતાં યુનિવર્સિટી સત્તાધીશો સરળ અને ઝડપી પ્રવેશ પ્રક્રિયાની વ્યવસ્થા ગોઠવવામાં સદંતર નિષ્ફળ ગઈ છે. જેનો સીધો ફાયદો ખાનગી કોલેજોને થઈ રહ્યો છે. એક તરફ સરકારી - ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થઓના પ્રવેશની બેઠકો ખાલી અને બીજીબાજુ ઉંચી ટકાવારી ધરાવતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ આજે પણ ખાનગી કોલેજ - યુનિવર્સિટીઓમાં પ્રવેશ લેવાની ફરજ પડી રહી હોવાનો આક્ષેપ કરતા એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો આડેધડ નિર્ણયો કરવામાં પંકાયેલા છે. કોલેજોની મંજુરી હોય કે પછી ફી વધારો હોય કે પછી વિદ્યાર્થીઓને દંડીત કરવાના હોય કે પછી પરીક્ષાઓમાં ગેરરીતિ-કૌભાંડનો મામલો હોય તે ગુજરાતની યુનિવર્સિટીઓની ઓળખ બની ગઈ છે. ત્યારે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થવાને આરે હોય, ખાનગી યુનિવર્સિટીઓને ઉંચી ફી ઊઘરાવીને મોટા ભાગના વિદ્યાર્થીઓને ભરી દીધા હોય ત્યારે ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થીઓના નામે સંચાલકોના ફાયદા માટે 'નીડ'ના નામે ગોઠવણ બંધ કરે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ મેરીટ ધરાવતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે પ્રથમ પસંદગી એવા ગુજરાત યુનિવર્સિટીના એમ.એસ.સી.આઈ.ટી. અને એમ.બી.એ. અભ્યાસક્રમના શરૂઆતથી જ બેઠકોની સંખ્યા માંગ પ્રમાણે વધારો કર્યો હોત તો આજે ઉંચા મેરીટ ધરાવતા સામાન્ય - મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ખાનગી યુનિવર્સિટીમાં ઉંચી ફી એટલે કે દોઢ દોઢ લાખ રૂપિયા જેટલી અધધ ફી ભરીને પ્રવેશ મેળવવા મજબુર થવુ ના પડત ત્યારે ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો નીડના નામે સંચાલકોના ફાયદા માટે ખોટા નિર્ણય કરવાનું બંધ કરશે.

# મેડીકલની પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ-અવઢવભરી સ્થિતિ માટે આરોગ્ય વિભાગ સીધો જવાબદાર

વિદ્યાર્થી-વાલીઓ અને કોંગ્રેસ પક્ષના વ્યાપક વિરોધ પછી પરત ખેંચવાની ફરજ પડી છે. ત્યારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારી નાણાંથી પ્રજાના ટેક્ષના નાણાંથી ઊભી થયેલ ય્સ્ઈઇજીની ૧૩ મેડીકલ કોલેજોને સંપૂર્ણ પણે સરકારી ફી ધોરણે મેડીકલ કોલેજોમાં રૂપાંતર કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, એક સાથે ય્સ્ઈઇજીની અભ્યાસક્રમની મેડીકલ ફીમાં ૬૭ થી ૮૮ ટકા સુધીના વધારાને કારણે વાલી-વિદ્યાર્થીઓ મોટી આર્થિક ચિંતામાં મુકાઈ ગયા હતા. સોસાયટીની કોલેજોમાં જે રીતે રાજ્ય સરકારે ફી નો તોતીંગ વધારો કર્યો છે તેના લીધે નીટના ઉંચા સ્કોરના આધારે જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને ય્સ્ઈઇજીની કોલેજોમાં પ્રવેશની શક્યતા હતી તે તમામ વિદ્યાર્થી-વાલીઓ માટે કેવી રીતે નાણાંકીય આયોજન કરવું તે ગંભીર પ્રશ્ન બની ગયો હતો.ગુજરાતના વાલીઓ કે જેઓ પોતાના સંતાનોને મેડીકલમાં ગુજરાત ખાતે અભ્યાસ કરાવવા માંગતા હતા તે વિદ્યાર્થી-વાલીઓની રજુઆત કોંગ્રેસ પક્ષને મળી હતી. મેડીકલમાં જંગી ફી વધારા અંગેની વાલીઓની ચિંતા વ્યાજબી હતી. જેને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને લેખીત પત્રથી અસરકારક રજુઆત કરી હતી અને રાજ્યની ૧૩ જેટલી ય્સ્ઈઇજી ની મેડીકલ કોલેજમાં કરવામાં આવેલો તોતીંગ ફી વધારો સત્વરે પાછો ખેંચવામાં આવે જેથી કરીને ગુજરાતના સામાન્ય - મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓનું શિક્ષણ લોન લઈને વિદેશમાં અભ્યાસ કરવાને બદલે રાજ્યમાંથી તેમનું ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર થઈ શકે ત્યારે મેડીકલ અભ્યાસક્રમનો તોતીંગ ફી વધારો પરત ખેંચવાની જાહેરાત આવકાર્ય છે અને રાજ્ય સરકાર ખુદ ઉંચી ફીની મેડીકલ કોલેજોને બદલે સરકારી ફીના ધોરણે ય્સ્ઈઇજી કોલેજોને તબદીલ કરવામાં આવે જેથી ઓછી ફીમાં સામાન્ય-મધ્યમવર્ગના ઉચ્ચ મેરીટ ધરાવતા વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ ડૉક્ટર બને અને ગુજરાતની આરોગ્ય સેવાને ફાયદો થાય.

# મહાનગરપાલિકાની એક અને નગરપાલિકાની ૨૯ ની પેટા ચૂંટણી યોજાઇ હતી જેના પરિણામ આજે જાહેર થયા છે જેમાં ૨૧ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય થયો છે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, મહાનગરપાલિકાની એક અને નગરપાલિકાની ૨૯ બેઠકોની પેટા ચૂંટણી યોજાઇ હતી તેના પરિણામ આજરોજ જાહેર થયા છે તે સંદર્ભે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલે પત્રકાર પરિષદ યોજી હતી જેમાં પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે અને પ્રદેશના સહપ્રવકતા શ્રી ડો.ઋત્વીજ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.




શ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગત રવિવારે રાજયમા મહાનગર પાલિકા અને નગરપાલિકાની પેટા ચૂંટણી યોજાઇ હતી જેના પરિણામ આજરોજ જાહેર થયા છે. આ પરિણામ પરથી સ્પષ્ટ થાય છે કે આજે પણ ગુજરાતના મતદારોને ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના માર્ગદર્શનમાં દેશ અને ગુજરાતમાં જે રીતે કામો થઇ રહ્યા છે તેનાથી જનતાનો પક્ષ પ્રત્યે વિશ્વાસ વધતો જાય છે. ગુજરાતમાં આદરણીય શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારમાં અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમાં ગુજરાત વિકાસની નવી નવી ઉંચાઇ પ્રાપ્ત કરી રહ્યુ છે. પેટા ચૂંટણીમાં દરેક મતદારોએ ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ બતાવ્યો છે તે બદલ જનતાનો આભાર માનું છું. ભાજપે એક મહાનગર પાલિકા અને ૨૦ નગરપાલિકા મળીને કુલ ૨૧ બેઠકો પર ભાજપનો વિજય થયો છે. અંદાજે કુલ ૭૦ ટકા જેટલી બેઠકો ભાજપને ફાળે આવી છે. તો ત્રણ બેઠકો પર કોંગ્રેસની તો પાંચ બેઠકો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઇ છે.

શ્રી રજનીભાઇએ વધુમાં જણાવ્યું કે, દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી કેન્દ્રસરકારે ગરિબોના ઉત્થાન માટે કામ કર્યુ છે આવનાર લોકસભા ચૂંટણીમાં પણ જનતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ભવ્ય વિજય આપશે તે નિશ્ચિત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં વિરોધી પાર્ટીઓમાં ભય દેખાઇ રહ્યો છે જેના કારણે તેઓ ભેગા થઇ રહ્યા છે. કોઇ પણ પ્રકારનું ગઠબંધન ભારતના મતદારો પર અસર કરી શકે તેમ નથી. જનતાને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર વિશ્વાસ છે તે અંકબંધ રહેવાનો છે.

# પાટણના વેપારીયે મૃત કપીરાજની દફનવીધી કરી જીવદયા ધર્મ નિભાવ્યો

મૂળ મહેસાણા જિલ્લાના વિરતા ગામે રહેતા અને પાટણ ખાતે બ્રહ્માણી એસીડ એન્ડ કેમિકલ્સ નો બિઝનેસ કરતા તેમજ પાટણ ન્યુઝ ૨૪ ના તંત્રી તેમજ જીવદયા પ્રેમી રાજુભાઈ પટેલ પોતાના ગામ વિરતા થી પોતાના વાહન મારફતે પાટણ જઈ રહ્યા હતા તે દરમિયાન પાટણ જિલ્લાના નોરતા ગામથી બોરસણ ગામ વચ્ચે રોડની સાઈડમાં કોઈક વાહને કપીરાજ ને ટક્કર મારતાં ઘટના સ્થળે મોત નિપજેલ હાલતમાં દેખાઈ આવતા તેઓએ તાત્કાલિક પાતાના વાહનની અંદર રહેલા વ્હીલ પાના તેમજ ચપ્પાથી ખાડો ખોદી તેમજ રસ્તામાથી રાખડીનો વેપાર કરવા જઈ રહેલા પિતા. પુત્રની મદદથી દફનવીધી



કરવામાં આવી હતી "જીવદયા એ જ પ્રભુ સેવા " ની પંક્તિ મુજબ ગુજરાત રાજ્યમા કેટલાય લોકો જીવદયા ધર્મ નિભાવી અબોલ પશુ-પક્ષીઓની સેવા કરી રહ્યા છે ત્યારે આજરોજ પાટણના વેપારી તેમજ પત્રકારત્વ સાથે જોડાયેલા રાજુભાઈ પટેલ પોતાના ગામ ઉંઝા તાલુકાના વિરતાથી પોતાના ધંધાર્થે પાટણ ખાતે આવેલ બ્રહ્માણી એસીડ એન્ડ કેમીકલ્સની ફેકટરી જઈ રહ્યા હતા તે દરમિયાન પાટણ તાલુકાના નોરતા ગામથી બોરસણ ગામ વચ્ચે રોડની સાઈડમા મૃત હાલતમાં કપીરાજ પડેલ હોઈ તેઓએ તુરંત પોતાની ગાડી સાઈડ મા ઉભી રાખી પોતાની ગાડીમાં પડેલ વ્હીલ પાના તેમજ ચપ્પા ના મદદથી ખાડો ખોદી દફન વીધી કરી જીવદયા ધર્મ નિભાવ્યો હતો આ બાબતે રાજુભાઈ પટેલે જણાવ્યું હતું કે હુ મારા જીવનને ધન્ય માનુ છુ કે મને જીવદયા સેવા કરવાનો મોકો મળ્યો એ બદલ ભગવાનનો પણ આભાર વ્યક્ત કરુ છુ

# કાંકરેજના શિહોરી પાટણને જોડતો ઉંબરી નજીકનો ડાયવર્ઝન રોડ તૂટ્યા બાદ રીપેરીંગ થતાં બે દિવસમાં થશે શરૂ



તાલુકાના મુખ્ય મથક શિહોરી થી પાટણ જવા માટે રાત દિવસ ધમધમતા રહેતા ઉબરી પુલ પાસે બનેલો ડાઈવરજઝન આપેલો રસ્તો ચાલુ કરવા માટે માર્ગ મકાન વિભાગના અધિકારીઓ દ્વારા કામ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે વધુ માહિતી અનુસાર હાલના ચાલુ ચોમાસાની સિઝનમાં દાંતીવાડા ડેમના ઉપરવાસમાં ભારે વરસાદ થવાના લીધે દાંતીવાડા ડેમ માંથી પાણી પાણી છોડવું પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થતાં દાંતીવાડા ડેમમાં ભરાયેલા પાણીનું લેવલ જાળવવા માટે ડેમ સત્તાવાળાઓ દ્વારા બનાસ નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું અને તબક્કાવાર ડેમના દરવાજા ખોલી પાણી છોડવાની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે કાંકરેજ તાલુકાના ઉમરી ગામેથી વહેતી બનાસ નદી ઉપર જર્જરી બનેલો પુલ નવો બનાવવાની કામગીરી ચાલી રહી છે ત્યારે બનાસ નદીમાં આવેલા પૂરના લીધે શિહોર થી પાટણ જતો ડાયવર્ઝન માટે બનાવેલો રોડ તૂટી જવાથી વાહનચાલકોને અવરજવરમાં ભારે હાલાકીનો પડી રહ્યો હતોત્યારે કાંકરેજ તાલુકાના આજુબાજુના ગામના લોકો ખેતીવાડી મજૂરી કે અન્ય કામ માટે કંબોઈ થી પાટણ જવા માટે જાનના જોખમે નદીના પાણીમાં ચાલીને જવા મજબૂર બન્યા હતા ત્યારે મીડિયાએ આ વાતની અવારનવાર સમાચાર બનાવીને લોકોને પડતી મુશ્કેલી ની પ્રસિદ્ધિ આપતા સત્તાવાળાના ધ્યાનમાં રાહદારીઓ જીવના જોખમે બનાસ નદી પાર કરતા હોવાના સમાચાર ધ્યાને રાખી કાંકરેજ તાલુકાના મામલતદાર શ્રી એ સ્થળ તપાસ કરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.